પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૨૩ ૧૨ જુલાઈ, ૨૦૨૩, બુધવાર; અષાઢ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# દિલ્હીથી હિમાચલ સુધી જળબંબાકાર

## ઉત્તર ભારતમાં વરસાદના કારણે ૬૦થી વધુનાં મોત : મનાલી- લેહ નેશનલ હાઈવે ધરાશાયી થઈ ગયો હતો અત્યારે ૩૦૦ ટૂરિસ્ટ અને રેસિડન્ટ્સને આ વિસ્તારોમાંથી બહાર કાઢવાના પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે





નવી દિલ્હી, તા.૧૧

અત્યારે ઉત્તર ભારતમાં ચોમાસાનો પ્રકોપ જોરદાર જોવા મળ્યો છે. અહીં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબકી રહ્યો છે. તેવામાં પહાડો પરથી પથ્થરો નીચે પડી રહ્યા છે. રસ્તાઓ તણાઈ રહ્યા છે. એટલું જ નહીં ઘરોમાં પાણી ઘૂસી જતા જનજીવન ખોરવાઈ ગયું છે. અહીં આસપાસ પાર્ક કરેલી ગાડીઓ અને અન્ય શહેરોમાં ભારે નુકસાન થયું છે. આ મેઘતાંડવ વચ્ચે મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ઉત્તર ભારતમાં કુલ ૪૧ લોકોનાં મોત નીપજ્યા છે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદસિંહે જણાવ્યું કે આ વરસાદના કારણે ભારે નુકસાન પહોંચ્યું છે. એટલું જ નહીં પબ્લિક પ્રોપર્ટીને પણ ભારે નુકસાન પહોંચ્યું છે.

આ દરમિયાન કુલ ૪ હજાર કરોડ રૂપિયાનો ફટકો પડ્યો છે. અહીં જાહેર માર્ગો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાવર ટ્રાન્સફોર્મર્સ, ઈલેક્ટ્રિક સબ-સ્ટેશન, વિવિધ વોટર સપ્લાય સ્કિમને ભારે નુકસાન પહોચ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય શેરબજાર માટે મંગળવાર મંગળમય રહ્યો

## સેન્સેક્સમાં ૨૭૪ પોઈન્ટનો ઊછાળો, રોકાણકારોની સંપત્તી ૩૦૦ લાખ કરોડને પાર : નિફ્ટી ૮૩.૫ પોઇન્ટના વધારા સાથે ૧૯૪૩૯.૪૦ પોઈન્ટ પર બંધ રહ્યો

મુંબઈ, તા.૧૧

ભારતીય શેરબજાર માટે સપ્તાહનો બીજો અને મંગળવારનો દિવસ મંગળમય સાબિત થયો. આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીનો શેર ઓલ ટાઈમ હાઈ પહોંચ્યો હતો. સેન્સેક્સમાં આજે આવેલા ઉછાળાના કારણે રોકાણકારોની સંપત્તિ ફરી ૩૦૦ લાખ કરોડને પાર પહોંચી છે.



ભારતીય શેરબજારનો સૂચકાંક સેન્સેક્સ ૨૭૩.૬૭ પોઈન્ટના વધારા સાથે ૬૫૬૧૭.૮૪ પોઈન્ટ અને નિફ્ટી ૮૩.૫ પોઈન્ટના વધારા સાથે ૧૯૪૩૯.૪૦ પોઈન્ટ પર બંધ રહ્યા. આજના કારોબારમાં મિડકેપ અને સ્મોલકેપ શેરમાં શાનદાર વધારો થયો. ઓટો, એફએમસીજી અને એનર્જી સેકટરના શેર્સમાં ખરીદીના કારણે બજારમાં તેજી જોવા મળી. રિલાયન્સના શેરમાં સતત બીજા કારોબારી દિવસે ખરીદી નીકળતાં શેર ઓલટાઈમ હાઈ પર પહોંચ્યો હતો.

આજે ૧૮૯૨ શેર વધ્યા, ૧૪૯૬ શેર ઘટ્યા અને ૧૧૭ શેરમાં કોઈ બદલાવ થયો નહોતો. નિફ્ટીના ટોચના વધનારા શેસમાં સન ફાર્મા, આઈશર મોટર્સ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, અપોલો હોસ્પિટલ્સ એન્ટરપ્રાઈઝ અને મારુતિ સુઝુકી હતી. જ્યારે યુપીએલ, જેએસડબલ્યુ સ્ટીલ,

● અનુસંધાન પાન-૭ પર

# ભારતમાં ૧૫ વર્ષમાં ૪૧.૫ કરોડ ગરીબી રેખામાંથી બહાર

## યુએનએ પ્રસંશા કરી : ભારતમાં ૨૦૦૫ અને ૨૦૦૬ વચ્ચે લગભગ ૬૪.૫ કરોડ લોકો ગરીબ હતા : ગ્લોબલ મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સના નવા અપડેટમાં માહિતી સામે આવી, ભારત સહિત ૨૫ દેશોની ૧૫ વર્ષમાં ગરીબી રેખા ઘટાડવામાં મહત્વપૂર્ણ સફળતા

નવી દિલ્હી, તા.૧૧

ભારતમાં ૨૦૦૫ અને ૨૦૦૬ વચ્ચે લગભગ ૬૪.૫ કરોડ લોકો ગરીબ હતા... જોકે આ આંકડો ઘટીને ૨૦૧૫ અને ૨૦૧૬ વચ્ચે લગભગ ૩૭ કરોડે પહોંચી ગયો છે, જ્યારે ૨૦૧૯ અને ૨૦૨૧ વચ્ચે ૨૩ કરોડ પર આવી ગયો છે. વિશ્વના સૌથી મોટા લોકતંત્ર ભારતની પ્રશંસા કરતા સંયુક્ત રાષ્ટ્ર (યુએન)એ આજે જણાવ્યું કે, ભારતમાં ૨૦૦૫-૨૦૦૬થી ૨૦૧૯-૨૦૨૧ સુધીના ૧૫ વર્ષના સમયગાળા દરમિયાન કુલ ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. આ માહિતી ગ્લોબલ મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેક્સના નવા અપડેટમાં સામે આવી છે.

યુએનના આ રિપોર્ટ મુજબ ભારત સહિત ૨૫ દેશોએ ૧૫ વર્ષમાં ગરીબી રેખા ઘટાડવામાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. આ બાબત વિવિધ દેશોની ઝડપી પ્રગતિ દર્શાવે છે. આ યાદીમાં ભારત ઉપરાંત કંબોડિયા, ચીન, કોંગો, હોન્ડુરાસ, ઈન્ડોનેશિયા, મોરોક્કો, સર્બિયા અને વિયેતનામ પણ સામેલ છે.

રિપોર્ટમાં વધુમાં જણાવાયું કે, સૌથી વધુ ભારતમાં ગરીબી રેખામાં ઘટાડો જોવા મળ્યો છે. ભારતમાં માત્ર ૧૫ વર્ષના સમયગાળાની અંદર ૪૧.૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. રિપોર્ટ પરથી કહી શકાય કે, ગરીબી રેખાને ઘટાડવી સંભવ છે. જો કે, કોવિડ-૧૯ રોગચાળાના સમયગાળા દરમિયાન વ્યાપક ડેટાના

# જમ્મુ-કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ની નાબૂદી સંદર્ભે ૨ ઓગસ્ટથી સુનવણી

## સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો : ૫ મે, ૨૦૧૯ ના રોજ કેન્દ્રએ જમ્મુ અને કાશ્મીરના અગાઉના રાજ્યનો વિશેષ દરજ્જો રદ કર્યો અને તેને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યો

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે આજે જમ્મુ અને કાશ્મીરમાં આર્ટીકલ ૩૭૦ નાબૂદ કરવા સંબંધિત અરજી અંગેની સુનવણી ૨ ઓગસ્ટથી શરુ થશે તેવો નિર્દેશ આપ્યો હતો. સીજેઆઈએ કહ્યું કે, ૨ ઓગસ્ટથી સુનાવણી આ મામલે સુનાવણી શરુ થશે અને સોમવાર અને શુક્રવાર સિવાય દરરોજ સવારે ૧૦.૩૦ વાગ્યાથી સુનાવણી હાથ ધરવામાં આવશે. ૫ મે, ૨૦૧૯ ના રોજ કેન્દ્રએ જમ્મુ અને કાશ્મીરના અગાઉના રાજ્યનો વિશેષ દરજ્જો રદ કર્યો અને તેને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યો હતો.

આજે ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડના નેતૃત્વમાં પાંચ જજોની બંધારણીય બેન્ચ સુનાવણી હાથ ધરી હતી. સુનાવણીના એક દિવસ પહેલા કેન્દ્રએ બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાના બચાવમાં એફિડેવિટ દાખલ કરી હતી.

ગઈકાલે કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરના સમગ્ર ક્ષેત્રમાં "અભૂતપૂર્વ" શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ જોવા મળી છે. કેન્દ્રએ કહ્યું કે, આતંકવાદીઓ અને અલગતાવાદી નેટવર્ક દ્વારા આચરવામાં આવતી હિંસા હવે ભૂતકાળની વાત છે.

# ક્રિકેટર ડેવિડ વોર્નરના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તીનાં સંકેત

## સ્ટાર ક્રિકેટર તેના ખરાબ સમયમાંથી પસાર થઈ રહ્યો છે



લંડન, તા.૧૧

ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી એશિઝ સિરીઝની પ્રથમ ત્રણ મેચ ખુબ રોમાંચક રહી હતી. પરંતુ આ સિરીઝ દરમિયાન ડેવિડ વોર્નર જેવો સ્ટાર ખેલાડી ખરાબ સમયથી પસાર થઈ રહ્યો છે. એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે ડેવિડ વોર્નરની ટેસ્ટ ક્રિકેટમાં સફર પૂરી થઈ ગઈ છે. ડેવિડ વોર્નરની પત્નીએ પણ આવી પોસ્ટ લખી છે જે દર્શાવે છે કે આ સ્ટાર ભાગ્યે જ ટેસ્ટ ક્રિકેટ રમતા જોવા મળશે. એક ફોટો શેર કરતા ડેવિડ વોર્નરની પત્નીએ લખ્યું કે, "અમારા માટે ટેસ્ટ ક્રિકેટની સફરનો અંત આવી ગયો છે. આ એક અદ્ભુત અનુભવ હતો. અમે હંમેશા તમારા સૌથી મોટા સમર્થકો રહ્યા છીએ."

આ પોસ્ટ સામે આવ્યા બાદ એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે ડેવિડ વોર્નર હવે ટેસ્ટ ક્રિકેટ રમતા જોવા નહીં મળે. આવું થવાનું બીજું મોટું કારણ એશિઝ સિરીઝમાં વોર્નરનું ફ્લોપ પ્રદર્શન છે. વોર્નર ત્રણ મેચમાં માત્ર એક જ ફિફ્ટી ફટકારી શક્યો છે. વોર્નરને બ્રોડ સામે રમવામાં મુશ્કેલી થઈ રહી છે. ત્રીજી ટેસ્ટની બંને ઈનિંગ્સમાં વોર્નર માત્ર એક-એક રન જ બનાવી શક્યો હતો.

# જીરું ફરી એકવાર રૂ.૬૨૦૦૦ પ્રતિ ક્વિન્ટલ સુધી વેચાયું છે

## આ વર્ષે ઘણા રાજ્યો અને દેશોમાં જીરાનો પાક બરબાદ થયો છે, તો બીજી તરફ નાગૌરના પાકને આ વખતે ઓછું નુકસાન થયું છે

નવી દિલ્હી, તા.૧૧

નાગૌર જીરું એક એવો પાક છે જે નાગૌરને દુનિયામાં એક અલગ ઓળખ આપે છે. કારણ કે નાગૌરનું જીરું તેની ગુણવત્તા, સ્વાદ અને સુગંધને કારણે વિશ્વમાં પ્રખ્યાત છે. જીરૂની દષ્ટિએ ખેડૂતો માટે આ ગત વર્ષ ખૂબ જ ખુશનુમા રહ્યું છે. વાસ્તવમાં આ વખતે જીરાનો સરેરાશ ભાવ રૂ.૪૦,૦૦૦ની નજીક રહ્યો છે. નાગૌરનું જીરું ફરી એકવાર ચર્ચાનો વિષય બન્યું છે. વાસ્તવમાં આ જીરું ફરી એકવાર રૂ.૬૨૦૦૦ પ્રતિ ક્વિન્ટલ સુધી વેચાયું છે. ચાર દિવસ પહેલા આ જીરૂ રૂ.૫૮૦૦૦ હતું. ચાર દિવસમાં જીરું રૂ.૬૨૦૦૦ પ્રતિ ક્વિન્ટલ થઈ ગયું છે. આ જ લઘુત્તમ ભાવ ૫૦૦૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ છે. આ વર્ષે ઘણા રાજ્યો અને દેશોમાં જીરાનો પાક બરબાદ થયો છે. તો બીજી તરફ નાગૌરના પાકને આ વખતે ઓછું નુકસાન થયું છે. જેની બજારમાં સતત માંગ રહે છે. આ વર્ષે જીરાની સુગંધ ખેડૂતોને પસંદ આવી રહી છે.કારણ કે આ વખતે ખેડૂતોને જીરાના પાકના ખૂબ સારા ભાવ મળી રહ્યા છે.નાગૌર અને મેર્તા મંડીમાં જીરાના ભાવમાં હંમેશા તફાવત જોવા મળે છે. મેર્તા મંડી તેની ઊંચી કિંમતો માટે જાણીતી છે. મેર્તા મંડીમાં, જીરુંનો મહત્તમ જથ્થો રૂ. ૬૨,૦૦૦ હતો, જ્યારે લઘુત્તમ રૂ. ૫૦,૦૦૦ હતો. જ્યારે નાગૌર મંડીમાં મહત્તમ ભાવ રૂ. ૬૦,૦૦૦ હતો, જ્યારે લઘુત્તમ ભાવ રૂ. ૪૫,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ હતો.

# નેપાળમાં હેલિકોપ્ટર પહાડીના ઝાડ સાથે ટકરાતાં છનાં મોત

કાઠમંડુ, તા.૧૧

નેપાળમાં છ લોકોને લઈને લાપતા થયેલા હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે. આમાં ૫ મુસાફરો અને ૧ પાયલોટ સાવર હતો. તેવામાં સર્ચ ટીમે તેમના મૃતદેહોને બહાર કાઢ્યા છે. આ હેલિકોપ્ટરમાં પાંચ વિદેશી નાગરિકો હતા, જેઓ મેક્સિકોના વતની હતા. જ્યારે એક પાયલોટ હતો.

કોશી પ્રાંત પોલીસના ડીઆઈજી રાજેશનાથ બાસ્ટોલાએ મીડિયાને જણાવ્યું હતું કે હેલિકોપ્ટર લિખુ પીકે વિલેજ કાઉન્સિલ અને દૂધકુંડા નગરપાલિકા-ટુની સરહદ પર મળી આવ્યું હતું, જેને સામાન્ય રીતે લામાજુરા ડાંડા તરીકે

● અનુસંધાન પાન-૭ પર

# મેક્સિકોમાં બંદૂકધારીઓએ નવને જીવતા સળગાવી દીધા

## બંદુકધારીઓ માર્કેટમાં પહોંચ્યા હતા અને ફાયરિંગ શરૂ કરી દીધું હતું એ પછી તેમણે બજારમાં અમુક હિસ્સામાં જવલનશિલ પ્રવાહીનો છંટકાવ કરીને આગ લગાવી દીધી હતી

મેક્સિકો, તા.૧૧

મેક્સિકોના તોલુકા નામના શહેરના બજારમાં બંદુકધારીઓએ આતંક મચાવીને નવ લોકોને જીવતા સળગાવી દીધા હોવાની હાહાકારી ઘટના બની છે.

પોલીસના કહેવા પ્રમાણે બંદુકધારી વ્યક્તિઓ માર્કેટમાં પહોંચ્યા હતા અને ફાયરિંગ શરૂ કરી દીધુ હતુ. એ પછી તેમણે બજારમાં અમુક હિસ્સામાં જવલનશિલ પ્રવાહીનો છંટકાવ કરીને આગ લગાવી દીધી હતી અને ભાગી છુટ્યા હતા. આ આગમાં નવ લોકોના મોત થયા છે.પોલીસના કહેવા પ્રમાણે હુમલા સમયે સુરક્ષા કર્મી ફરજ પર હાજર કેમ નહોતા તે વાતની તપાસ કરવામાં આવી રહી છે. જોકે આ હુમલાની જવાબદારી હજી સુધી કોઈએ લીધી નથી. મેક્સિકોમાં ખંડણી ઉઘરાવતી ઘણી ગેંગો સક્રિય છે અને જો કોઈ વેપારી પૈસા આપવામાં આનાકાની કરે તો ગેંગસ્ટરો બજારમાં આગ લગાવી દેતા હોય છે.ખંડણી ઉઘરાતવી કોઈ ગેંગ આની પાછળ જવાબદાર હોવાની અટકળો થઈ રહી છે.

# મહારાષ્ટ્રના નેતા છગન ભૂજબળને જાનથી મારી નાખવાની ધમકી

## પોલીસે આ કેસમાં એક શખ્સની ધરપકડ કરી, ભુજબળની સુરક્ષા પણ વધારી દેવામાં આવી

મુંબઈ, તા.૧૧

મહારાષ્ટ્ર સરકારના મંત્રી અને અજીત કેમ્પના નેતા છગન ભુજબળને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તેમની ઓફિસમાં ફોન કરીને આ ધમકી આપવામાં આવી હતી. ધમકી આપનાર વ્યક્તિએ ભુજબળની ઓફિસે ફોન કરીને કહ્યું કે તેને ભુજબળને મારી નાખવાના આદેશ મળ્યા છે. પોલીસે આ કેસમાં એક શખ્સની ધરપકડ કરી છે.

સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભુજબળની ઓફિસમાં હાજર પીએએ ધમકીનો ફોન રિસીવ કર્યો હતો. આ દરમિયાન ધમકી આપનાર વ્યક્તિએ કહ્યું કે તેને ભુજબળને મારી નાખવાના આદેશ મળ્યા છે. ભુજબળની ઓફિસમાંથી મળેલી ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી જેના બાદ પોલીસે પ્રશાંત પાટીલની મહાડ, પુણેથી ધરપકડ કરી હતી. સ્થાનિક માહિતી પ્રમાણે આરોપી કોલ્હાપુરનો રહેવાસી છે અને નાશિકથી પૂણે જતી વખતે તેણે ભુજબળની ઓફિસમાં ફોન કરીને ધમકી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર જ્યારે તેણે ફોન કર્યો ત્યારે તે દારૂના નશામાં હતો. આ ધમકી મળતા જ ભુજબળ અને તેમની ઓફિસની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. ડીસીપી અમોલ જેંડેએ પ્રશાંત પાટીલની ધરપકડની પુષ્ટિ કરી છે.





અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

16g પ્રોટીન

₹32*/ 500 mL

અમૂલ ગોલ્ડ

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.

Amul The Taste of India

UNIQSYNERGY study abroad યુનિકસિનર્જી

નવી બેચીઝ શરૂ થાય છે

PTE

11.30 AM to 1.00 PM
05.00 PM to 6.30 PM
Date: 17.07.2023 Monday

IELTS

09.30 AM to 11.00 AM 07.00 PM to 8.30 PM

ફી શરૂ થાય છે. રૂા.500/- માસ

6359597030

કચ્છની ખારેક

ખેડૂત દ્વારા સીધું વેચાણ

ખારેક : લાલ-પીળી (ઈઝરાયલ)

કૃષિભવન, ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

www.gandhinagaruni.ac.in

ADMISSIONS OPEN

GANDHINAGAR INSTITUTE OF LAW (GIL)

APPROVED BY BCI

- Bachelor of Law - LLB (3 Years)
- Integrated Law - B.A., LLB & BBA., LLB (5 Years)
- DLP, DTLP, DIPR
- **Master of Law - LLM (1 Year)**
- PhD - Law

BROCHURE



Ms. Vinita Rohera
Vice President - Gandhinagar University

GANDHINAGAR UNIVERSITY

AHMEDABAD | GANDHINAGAR
Contact Details for the Admissions:
+91 7069088115
admission@gandhinagaruni.ac.in
Hostel facility available